# ૬ તાલુકામાં વરસાદી માહોલ : બાયડમાં ૧ કલાકમાં દોઢ ઈંચ વરસાદ

## ચોમાસુ બરાબર જામ્યું નથી ત્યાં વડાલી, મોડાસા તાલુકો અછત-અર્ધઅછતની સીમામાંથી બહાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮


છેલ્લા ૩ દિવસથી અસહ્ય બફારા બાદ રવિવારે વીજળીના ડરામણા કડાકા-ભડાકા સાથે જિલ્લાના ૬ તાલુકામાં સામાન્યથી ભારે વરસાદ વરસ્યો હતો. બાયડ તાલુકામાં તોફાની ૧ કલાકમાં દોઢ ઈંચ(૩૮ મિમી) વરસાદ વરસતાં બાયડ પંથકની પ્રજામાં ખુશાલી છવાઈ છે. ચોમાસુ હજુ બરાબર જામ્યું નથી. ચોમાસુ વિલંબમાં છે અને જુલાઈના બીજા સપ્તાહથી વરસાદ વરસે તેવી હવામાન વિભાગની આગાહી છે. ત્યારે વર્તમાન મોસમમાં વડાલી તાલુકામાં સૌથી વધુ ૨૨૮ મિમી અને મોડાસા તાલુકામાં ૧૩૪ મિમી વરસાદ વરસતાં મહેસૂલ વિભાગના અંગ્રેજો વખતથી ચાલ્યા આવતા કાયદા મુજબ આ બંન્ને તાલુકા અછત-અર્ધઅછતની સીમામાંથી બહાર થયા છે.

તાઉતે વાવાઝોડાના કારણે મે. મહિનામાં અનરાધાર વરસાદ અને ચોમાસુ સીઝન ગણાતા જૂન મહિનામાં કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યા પછી ઉનાળા જેવો તાપ અને ગરમીના કારણે ઉતાવળે વાવણી કરનારા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. વાવેતર કર્યા પછી ગરમીનો પારો ઉંચકાતાં બિયારણ નિષ્ફળ જવાનો ભય હતો પરંતુ ગત રોજ એકાએક કાળા ડીબાંગ વાદળોની જમાવટ અને પછી મેહૂલિયાએ સાઠંબા થી શામળાજી સુધીના વિસ્તારમાં કલાકો સુધી હેત વરસાવતાં મૂંરઝાતી ખેતીને ગણતરીના દિવસોનું જીવતદાન મળ્યું છે પરંતુ ત્યાર પછી હવામાન વિભાગની આગાહી ખેડૂતો માટે ચિંતા અપાવનારી છે. કારણ કે ચોમાસુ એકાદ-બે સપ્તાહ વિલંબમાં થયાનું જણાવવામાં આવ્યું છે. ગત રોજ વરસેલા વરસાદમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સૂપડાધારે વરસાદ વરસ્યાના અહેવાલ મળ્યા છે. બાયડ તાલુકાની પ્રજા ભારે વરસાદની અપેક્ષા રાખીને બેઠી હતી જે ગત રોજ મેઘરાજાએ પૂર્ણ કરી છે પરંતુ વરસાદ થંભી ગયા પછી સોમવાર સવારથી ફરીથી બફારો શરૂ થતાં પ્રજા-વેપારીઓ અકળાયા હતા.

**છેલ્લા ૨૪ કલાક દરમ્યાન વરસેલો વરસાદ..**

| તાલુકો | વરસાદ (મિમીમાં) |
|---|---|
| બાયડ | ૩૮ |
| ધનસુરા | ૧૧ |
| ઈડર | ૦૯ |
| મોડાસા | ૦૩ |
| ખેડબ્રહ્મા | ૦૧ |
| વિજયનગર | ૦૧ |





# ૨૫ ટકા ફી માફી : ઉત્તર ગુજરાતના ૨૦૦૦ શાળા સંચાલકોનો સરકાર સામે રોષ

## ફી માફીનો પરીપત્ર આવશે તો કોર્ટમાં જવાની તૈયારી, શાળા સંચાલકોની પરિસ્થિતિ સમજો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. છેલ્લા ૧૫ મહિનાથી ખાનગી શાળા સંચાલકોને ફી વાલીઓ આપતા નથી, આર્થિક હાલત ડામાડોળ થઈ છે અને હવે નવું શૈક્ષણિક પાયમાલ થઈ ગયેલા શાળા સંચાલકોની પરિસ્થિતિ સમજવાની જરૂર છે.

તાજેતરમાં રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ૨૫ ટકા રાહતના નિવેદનને લઈને ખાનગી શાળા ખાનગી શાળા સંચાલકોએ કોરોનાના કપરા કાળમાં પણ ઓનલાઈન અને હોમ લર્નિંગથી શિક્ષણ આપ્યું હતું. કર્મચારીઓના લાખોના પગારનો બોજ પણ સતત ૧૫ મહિનાથી સહન કરતા આવ્યા છે. નવા શૈક્ષણિક સત્રમાં કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા સહિત રાજ્યના ૩૩ જિલ્લાના ખાનગી શાળા સંચાલકોમાં રોષ જોવા મળ્યો છે. સરકાર અગાઉની જેમ ૨૫ ટકા ફી ની રાહત ચાલુ રાખવા અને તે અંગે પરીપત્ર કરશે

**કોરોનામાં માતા-પિતા ગુમાવ્યા છે તેવા છાત્રોને મફત શિક્ષણ આપવા તૈયાર**

બાયડ : ઉત્તર ગુજરાતના કેટલાક ખાનગી શાળા સંચાલકોએ જણાવ્યું કે સરકારનું ફી માફી મુદ્દેનું નિવેદન અમને ગ્રાહ્ય નથી અમે અગાઉ કોરોનાના કારણે જે બાળકોએ માતા-પિતા ગુમાવ્યા છે તેવા છાત્રોને મફત શિક્ષણ આપવા માટે તૈયાર છીએ. પરંતુ હવે ફી માફી હરગીજ શક્ય નથી.

**ખાનગી શાળાના હજારો શિક્ષકો ૧૦ મહિનાથી પગારથી વંચિત**

બાયડ : કોરોનાના કપરા કાળમાં સ્વનિર્ભર શાળા સંચાલકો ઉપર ફી ન આવતાં મુશ્કેલી આવી. વર્ષોથી સંસ્થામાં નોકરી કરી છે, નામના મેળવી છે તેવું માની નવા શૈક્ષણિક સત્રમાં ફી આવશે એટલે સંચાલકો પગાર કરશે. તેવી અપેક્ષા પણ ખાનગી શાળાના હજારો શિક્ષકોએ રાખી હતી પરંતુ નવું શૈક્ષણિક સત્ર પુરૂ થાય અને આવતા સપ્તાહે ૧ મહિનો પૂરો થશે છતાં મોટાભાગના વાલીઓએ ફી ભરી નથી. ખાનગી શાળા સંચાલકોના જણાવ્યા અનુસાર હજારો શિક્ષકો ૧૦ મહિનાથી પગારથી વંચિત છે તેમને માત્ર થોડો ઘણા પૈસા આપ્યા હતા પરંતુ હવે જો ફી નહીં આવે તો ખાનગી શાળા સંચાલકોની સાથે આવી શાળાઓ ઉપર નભતા શિક્ષકો અને પરિવારની હાલત કફોડી થઈ શકે છે.

સત્ર શરૂ થયા પછી સરકાર દ્વારા ફરીથી ૨૫ ટકા ફી ની રાહતની જોગવાઈ ચાલુ રાખવા લગભગ નિર્ણય લીધો છે જેથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના શાળા સંચાલકોમાં સરકારના આ નિર્ણય સામે અત્યારથી રોષ જોવા મળ્યો છે. ફી માફીનો પરીપત્ર આવશે તો કોર્ટમાં જવાની તૈયારી કરી છે. સરકારે પણ હવે મોટાભાગે સંચાલકોમાં રોષ પ્રવર્તિ રહ્યો છે. કોરોનાના સંક્રમણના કારણે સરકાર, શિક્ષણ વિભાગ અને શિક્ષણ મંત્રીની રજૂઆતના પગલે અગાઉ ૨૫ ટકા માફી આપવામાં આવી હતી. હવે બીજું નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે છતાં પણ અનેક વાલીઓએ કોઈને કોઈ કારણોસર ખાનગી શાળાઓમાં ફી ભરતા નથી. વિદ્યાર્થીઓની ફી આવશે એટલે સૌ સારાંવાનાં થશે તેવી અપેક્ષા હતી પરંતુ અહીંયાં તાં શિક્ષણ વિભાગના મુખીયાએ જ ફી ઘટાડવાની જાહેરાત મુદ્દે જે નિવેદન આપ્યું તેના તો તે ખાનગી શાળા સંચાલકોને હરગીજ મંજૂરી નથી અને જરૂર પડશે તો કોર્ટના દ્વાર ખટખટાવવાનો પણ નિર્ણય લેવાયો છે.

# તારીખ પે તારીખ : ઉત્તર ગુજરાતના છાત્રો ધો.૧૦ નું પરિણામ ઘોંચમાં પડતાં અવઢવમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

કોરોનાના કારણે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ધો.૧૦ ના રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન આપતાં તેમને ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવશે. અગાઉ તા.૨૪ જૂન બાદમાં ૨૫ જૂન અને પછી તા.૨૮ જૂને બોર્ડનું પરિણામ જાહેર થશે તેવી વકી હતી પરંતુ બોર્ડે તેની નિર્ધારીત વેબસાઈટ ઉપર પરિણામ જાહેર ન કરતાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના છાત્રો પરિણામ ઘોંચમાં પડતાં અવઢવમાં આવી ગયા છે. જ્યારે નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું અને બ્રીજ કોર્સ પણ એક પખવાડીયામાં પૂર્ણ થશે છતાં પણ પરિણામ જાહેર ન થતાં શાળાના આચાર્યો અને શિક્ષકો પણ ધો.૧૧ ના વર્ગો મુદ્દે અસમંજસમાં છે.

**માસ પ્રમોશનમાં એકપણ વિદ્યાર્થી નાપાસ નથી છતાં ૧.૩૫ લાખ વિદ્યાર્થીઓમાં ઉચાટ**

દેશભરમાં સી.બી.એસ.ઈ. પછી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધો.૧૦માં સૌથી વધુ વિદ્યાર્થીઓ દર વર્ષે પરીક્ષા આપતા હોય છે. ગત માર્ચ-૨૦૨૦માં કોરોનાની મહામારી વકરી, કોરોનાનું સતત સંક્રમણ વધતું રહ્યું, શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ થયું અને ત્યાર પછી તો ગુજરાતમાં સ્થિતિ એટલી હદે વણસી કે શિક્ષણ સંકુલો ખોલવાં મુશ્કેલ થયાં હતાં. વિદ્યાર્થીઓનું જીવન જોખમાય નહીં તે માટે રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગ અને બોર્ડે છેવટે ધો.૧૦ અને ૧૨ના રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો. ધો.૧૦ની તમામ શાળાઓને બોર્ડની નિર્ધારીત વેબસાઈટ ઉપર વિદ્યાર્થીઓના માર્કસ અપલોડ કરવા જણાવ્યું, બધી કામગીરી સમયસર પૂરી થઈ ગઈ તેમ છતાં ધો.૧૦નું પરિણામ હજુ સુધી જાહેર થયું નથી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૧,૩૫,૦૦૦થી વધુ છાત્રો બોર્ડની પરીક્ષા આપ્યા વગર જ પાસ થઈ ગયા છે. અગાઉ જૂનના ચોથા સપ્તાહમાં પરિણામ જાહેર થવાની સંભાવના હતી પરંતુ જાહેર થયું નથી લાગે છે કે હજુ થોડાક દિવસ પરિણામ માટે રાહ જોવી પડશે કારણ કે ધો.૯-૧૦ના પરીક્ષાના આધારે પરિણામ તૈયાર કરવાનું હોય છે. પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ પાસ થવા માટે ૩૩ ગુણ મેળવી શક્યા નથી તેમને ખૂટતા ગુણ કેવી રીતે આપવા તેની મથામણ છેલ્લી ઘડી સુધી ચાલી રહી છે પરંતુ આ તમામ અસ્પષ્ટતાનો ઉકેલ આવ્યો છે એટલે પરિણામ જુલાઈના પ્રથમ સપ્તાહ અગાઉ જાહેર થઈ શકે છે.

# ફતેપુરા પાસે કારે બાઈકને ટક્કર મારતાં શાકભાજીના વેપારીનું મોત, પત્નિની હાલત ગંભીર

**વાઘેલા પરિવારમાં શોક છવાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ તાલુકાના ફતેપુરા ગામની સીમમાં પૂરપાટ ઝડપે પસાર થતા કાર ચાલકે બાઈકને ટક્કર મારી ફંગોળી નાખતાં બાઈક સવાર દંપતિ નંદવાયું છે. બનાવ અંગે આંબલિયારા પોલીસે કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાહનોની ગતિમર્યાદા ઉપર છે. ગત રોજ બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં રહેતા શાકભાજીના વેપારી રતિભાઈ વાઘેલા પત્નિ લીલાબેન વાઘેલા જ્યારે મૃતકના પત્નિને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. વાહનોની અવર જવરથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર કાર-બાઈક ટકરાતાં અનેક







કારની જીવલેણ ટક્કરે બાયડમાં શાકભાજીનો વેપાર કરતા રતિભાઈ સોમાભાઈ વાઘેલાનું સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. જ્યારે તેમનાં પત્નિ લીલાબેન વાઘેલાને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. અંકુશ મૂકવામાં પોલીસ તેમજ આર.ટી.ઓ તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. માતેલા સાંઢની જેમ દોડતાં વાહનોની ટક્કરે રોજ માનવ જીંદગીઓનો ભોગ લેવાય છે. બાયડ-દહેગામ રોડ ઉપર પૂરઝડપે દોડતાં વાહનોના કારણે જીવલેણ અકસ્માત કાયમી બન્યા બાઈક લઈને બાયડના ફતેપુરા નજીકથી પસાર થઈ રહ્યા હતા જે સમયે કાર ચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક સાથે દંપતિ ફૂટબોલની જેમ ફંગોળાઈ રોડ ઉપર પટકાયું હતું જેમાં ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. લોકો સ્થળ ઉપર એકત્ર થઈ જતાં ચાલક બનાવ સ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે સંજયભાઈ હીરાભાઈ વાઘેલાની ફરિયાદના આધારે આંબલિયારા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાયડનું ગૌરવ: ચિરાગ પરમારને મલ્ટીપલ ડાયરેક્ટર એન્વાયરમેન્ટ એવોર્ડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

લાયન્સ અને લીઓ કલબ-બાયડની સેવાકીય પ્રવૃત્તિઓ હવે મલ્ટીપલમાં પણ છવાઈ છે. તાજેતરમાં મલ્ટીપલ કન્વેન્શન-અમદાવાદમાં યોજાઈ ગયું. જેમાં બાયડના લીઓ ચિરાગ પરમારનો ડાયરેક્ટર એન્વાયરમેન્ટનો એવોર્ડ જીતી લીઓ કલબ-બાયડને સમગ્ર ડિસ્ટ્રીક્ટમાં ગૌરવ અપાવ્યું હતું. વિરાટ સિદ્ધિ બદલ લાયન્સ-લીઓ કલબ-બાયડ તેમજ બાયડના તમામ નગરજનોએ અભિનંદન પાઠવ્યા હતા.




# વિસનગરના દઢીયાળમાં અસાઈત સમાજની ચિંતન બેઠક યોજાઈ

## કોરોનાથી મૃત્યુ પામેલા સ્વજનોને શ્રદ્ધાંજલિ, સમાજને સંગઠીત બનાવવા હાકલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

વિસનગર તાલુકાના દઢીયાળમાં અસાઈત ફાર્મ ખાતે નાયક, ભોજક અને વ્યાસ સમાજની બેઠક પંકજભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગઈ. ચિંતન બેઠકના



પ્રારંભે કોરોનાથી મૃત્યુ પામેલા સ્વજનોના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ બેઠકનો હેતુ જણાવવામાં આવ્યો હતો. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, વધુ ને વધુ સમાજના દિકરા-દિકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે અને સમાજ વધુ સંગઠીત હશે તો દરેક ક્ષેત્રે પ્રગતિ કરી શકશે તેવું સામૂહીક મનોમંથક કરવામાં આવ્યું. અસાઈત સમાજ એક પરિવારના નેજા હેઠળ સૌને વધુ સંગઠીત બનવા હાકલ કરવામાં આવી હતી જેમાં મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મોરબી, રાજકોટ, કડી અને અમદાવાદના અપેક્ષિત આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પદે નિયુક્તિ

તલોદ : સાબરકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા તમામ તાલુકા અને મંડલના મહિલા મોરચા હોદ્દેદારોની નિયુક્તિ થઈ છે જેમાં તલોદ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે હરસોલ વણિક સમાજના મહિલા અગ્રણી રચનાબેન સંદિપકુમાર ગાંધીની નિયુક્તિ થતાં પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, તલોદ શહેર ભાજપ સંગઠન પ્રમુખ દામોદર પટેલ, ભાજપ અગ્રણી રાકેશ શાહ સહિત ભાજપના વિવિધ સંગઠન હોદ્દેદારો અને પદાધિકારીઓએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



# પ્રાંતિજ હરીઓમ પાર્ક સોસાયટી ખાતે અજાણ્યા વાહનની ટક્કરથી વિજપોલ ધરાશયી

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ હરીઓમ પાર્ક સોસાયટી મા બપોર ના સમયે કોઈ અજાણ્યા વાહન ની ટક્કર થી વિજપોલ રસ્તા વચ્ચોવચ ધરાશયી થયો હતો તો તે સમયે કોઈ અવરજવર ના હોવાથી મોટી દુર્ઘટના ટળી તો વિજકંપની ની પ્રસંશનીય કામગીરી જોવા મળી. પ્રાંતિજ ના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ હરીઓમ પાર્ક સોસાયટી ખાતે બપોરના સમયે કોઈ અજાણ્યો વાહન ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી સોસાયટી મા કોમન પ્લોટ મા રહેલ વીજપોલ ને ટક્કર મારી વીજપોલ ને નીચે પાડી પોતાનુ વાહન લઈ ભાગી ગયો હતો તો આ અંગેની જાણ સોસાયટી ના રહીશો દ્વારા પ્રાંતિજ વીજ કંપની મા જાણ કરતા વીજ કંપની ના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ કરતા તેવોએ તાત્કાલિક વીજપુરવઠો બંધ કર્યો હતો અને તેમની ટીમ સાથે તાત્કાલિક ધટના સ્થળે દોડી આવ્યા હતા તો સોસાયટી મા રસ્તા વચ્ચોવચ વિજપોલ અને વિજવાયરો ધરાશાયી થયો હતો પણ બપોર નો સમય હોવાથી સોસાયટીમા અવરજવરના હોવાથી મોટી દુર ધટના પણ ટળી હતી તો હરીઓમ પાર્ક સોસાયટી તથા આશિર્વાદ સોસાયટી સહિત ની સોસાયટી ઓમા વીજપુરવઠો બંધ થતા વિજકંપની દ્વારા તાત્કાલિક કામ હાથ ધર્યુ હતુ અને નવો વિજપોલ ઉભો કરી વિજવાયરો ખેચી માત્ર ત્રણ કલાક માંજ વીજપુરવઠો ચાલુ કર્યો હતો તો સોસાયટી રહીશો સહિત આજુબાજુના સોસાયટીઓના રહીશો દ્વારા વિજકંપનીની ઝડપી તાત્કાલિક કામગીરીને બિરદાવા હતી.



# ઉંઘતા તંત્રને કોઈ જગાડો : ગાબટના ખેડૂતે જમીન માપણી માટે ૩ વર્ષથી ફી ભરી, તંત્રને ફૂરસદ નથી

## આકર્ષક કામગીરી રાજ્યના મહેસૂલ મંત્રીને અર્પણ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સેટેલાઈટ જમીન માપણી પછી અનેક ખેડૂતોની જમીનો ઓછી થઈ ગઈ છે. કેટલાકની જમીનમાં વધારો થયો છે. બાયડ તાલુકાના ગાબટ ગામના ખેડૂત જગદીશભાઈ ગૌરીશંકર રાવલની જમીનના નક્શામાં ફેરફાર થઈ જતાં તેઓએ અરવલ્લી જિલ્લા ડી.આઈ.એલ.આર. કચેરીમાં ફરીથી જમીન માપણી માટે રૂા.૧૮૦૦ની ફી ચલણના રૂપમાં ભર્યાના ૩ વર્ષ પછી પણ તંત્રને જમીન માપણી માટે ફૂરસદ નથી. બાયડ મામલતદારે પણ આ અંગે જિલ્લા કચેરીને રીમાઈન્ડર કર્યું છતાં આજદિન સુધી જમીન માપણી માટે ફૂરસદ નથી. વહીવટી તંત્ર અને સરકારનો મહેસૂલ વિભાગ પણ કોઈપણ ખેડૂતની જમીનમાં પ્રમોલગેશન વખતે સર્વે નંબરમાં ફેરફાર તથા નકશામાં જગ્યાનો ફેરફાર થયો હશે તો ત્વરીત ઉકેલ આવશે તેવી શેખી હાંકી હતી પરંતુ બાયડ તાલુકાના ખેડૂતના કિસ્સાએ તંત્રની ખાડે ગયેલી કામગીરીનો પર્દાફાશ કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આધુનિક ઉપકરણોથી જમીન માપણી શરૂ કરાઈ અને એ સાથે જ ગામે ગામથી જમીનો ઓછી થઈ ગઈ. જમીનના સર્વે નંબરો બદલાઈ ગયા સહિતની અનેક ફરિયાદોનો ઢગલો તંત્ર સમક્ષ થયો અને કેટલાક કિસ્સાઓમાં અનેક પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવ્યું પરંતુ કહેવત છે કે કેટલાક ખેડૂતો માટે પડતા ઉપર પાટુના ઘા જેવી સ્થિતિ બારેમાસ હોય છે. ગાબટના ખેડૂત જગદીશ ગૌરીશંકર રાવલની ગાબટ ગ્રામ પંચાયતના સર્વે નં.૪૯૦ની જમીનમાં નામનો ફેરફાર થઈ ગયો અને આ અંગે તેઓએ મામલતદાર બાયડને લેખિત ફરિયાદ કર્યા પછી તે અંગેની કાર્યવાહી કરવા ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર લેન્ડ એન્ડ રેકોર્ડને જાણ કરવામાં આવી. વર્ષ-૨૦૧૮માં જમીન માપણી માટે તંત્રને ભારતીય સ્ટેટ બેન્ક-બાયડ શાખા મારફતે રૂા.૧૮૦૦નું ચલણ તા.૧૨-૬-૨૦૧૮ના રોજ ભરવામાં આવ્યું અને ખેડૂત પરિવાર આજે નહીં તો કાલે માપણી માટે ટીમો આવશે તેની રાહ જોઈને ૩ વર્ષથી થાકી ગયું છે. જો સામાન્ય ખેડૂતને તેની જમીન માપણી માટે નવા જિલ્લામાં ૩ વર્ષ સુધી બેસી રહેવું પડતું હોય તો અન્ય ગરીબ લોકો માટે જિલ્લામાં શું સ્થિતિ હશે..?? જમીન માપણી બાબતમાં કોની બેદરકારી છે..?? જે પણ કોઈ બેદરકાર હોય તેની સામે રાજ્યના મહેસૂલ વિભાગે તપાસના આદેશ આપવા જોઈએ અને ખેડૂતની માપણી ત્વતરી કરવામાં આવે જેથી ખેડૂતને કોઈ કે.સી.સી. કે ખેતી વિષયક લોન લેવી હોય તો સરળતા થાય.

**અમે આ અંગે તપાસ કરીશું : હેડકવાટર્સ આસીસ્ટન્ટ**

બાયડ : અરવલ્લી જિલ્લા ડી.આઈ.એલ.આર. કચેરીના હેડકવાટર્સ આસીસ્ટન્ટ દેવેન્દ્રભાઈ ડી. ચૌહાણનો આ અંગે સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આ અંગેની તેમની કચેરી પાસે કોઈ જાણકારી નથી. ૩ વર્ષથી જમીન સર્વે માટે ફી ભરી છે તેનું ચલણ છે છતાં પણ કચેરી પાસે તેના રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જાણવા મળ્યું છે.

# જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ એમ. ગોહેલ
(પ્રા. શિક્ષક)
આકરૂન્દ, તા.ધનસુરા



હીરલબેન પરેશકુમાર પટેલ
ધનસુરા, જિ. અરવલ્લી



દિલીપ શાહ
(દિલીપ ટ્રેડીંગ કંપની, માર્કેટયાર્ડ)
બાયડ (તલોદ)



માનવ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



કિરીટભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



અક્ષય પટેલ
બાયડ, જિ.અરવલ્લી



યશ અરૂણભાઈ ચૌધરી
આકરૂન્દ, તા.ધનસુરા



પરેશ ઈશ્વરભાઈ પટેલ
(ચોઈલા હાઈસ્કુલ)
ચોઈલા, તા.બાયડ



હિતેન્દ્રભાઈ સી. પટેલ
(સહજાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી